eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 252
December 27, 2010

## ગ્લોબલ વોર્મીંગ અંતર્ગત CLIMATE CHANGE ની અસરને પહોંચી વળવા માટે સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલું આયોજન



પૃથ્વી ઉપર ગ્લોબલ વોર્મીંગના કારણે વધતા જતા CLIMATE CHANGE ની અસરને પહોંચી વળવા માટે લેવાજોગ પગલા બાબતે તથા આવનાર પડકાર અન્વયે આગોતરૂ આયોજન દરેક શહેર પોત પોતાની રીતે તૈયારી કરતું હોય છે. જે શહેરમાં CLIMATE CHANGE ની વધારે પ્રમાણમાં અસર થવાની શકયતા છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ નિર્મળ ગુજરાત" અંતર્ગત ડીસેમ્બર–૨૦૧૦ માં શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦માં *"સ્વર્ણિમ નિર્મળ ગુજરાત"* અંતર્ગત ડીસેમ્બર–૨૦૧૦ માં શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશ અને દેખી શકાય તેવુ પરિવર્તન આવે તે હેતુથી *"સ્વર્ણિમ નિર્મળ ગુજરાત"* ના થીમ આધારીત કાર્યક્રમના અનુસંધાને ડીસેમ્બર–૨૦૧૦નાં બીજા અઠવાડીયાનાં *"સ્વચ્છ જળ અને પાણી બચત"* ને લગતો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વર્ણિમ નિર્મળ ગુજરાત–૨૦૧૦ અંતર્ગત તા. ૧૫/૧૨/૨૦૧૦ થી ૧૭/૧૨/૨૦૧૦ સુધીનાં ઝોન વાઈઝ પ્લાસ્ટીક ઝુંબેશની માહિતી

સ્વર્ણિમ નિર્મળ ગુજરાત–૨૦૧૦ અંતર્ગત તા. ૧૫/૧૨/૨૦૧૦ થી ૧૭/૧૨/૨૦૧૦ સુધીનાં ઝોન વાઈઝ પ્લાસ્ટીક ઝુંબેશની માહિતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા, ઈન્ડીયન પ્લેનેટરી સોસાયટી, મુંબઈ અને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટીના સંયુકત ઉપક્રમે એડવાન્સીસ ઈન એસ્ટ્રોફીઝીકસ અને સ્પેસ સાયન્સ વિષયક ત્રિ દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન

સુરત મહાનગરપાલિકા, ઈન્ડીયન પ્લેનેટરી સોસાયટી, મુંબઈ અને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટીના સંયુકત ઉપક્રમે એડવાન્સીસ ઈન એસ્ટ્રોફીઝીકસ અને સ્પેસ સાયન્સ વિષયક ત્રિ દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ ખાતે તા. ૨૦/૧૨/૨૦૧૦ થી તા. ૨૨/૧૨/૨૦૧૦ સુધી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વર્ણિમ ખેલ મહાકુંભ–૨૦૧૦ એથ્લેટીકસ સ્પર્ધાઓની ફાઈનલમાં સુમન હાઈસ્કુલોના વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધિ

સ્વર્ણિમ ખેલ મહાકુંભ અંતર્ગત સામુહિક રમતો પૈકી ખો–ખો, કબડ્ડી, વોલીબોલ અને એથ્લેટીકસની તમામ ઈવેન્ટોની સ્પર્ધાઓ ઝોનલ કક્ષાએ સ્વામીનારાયણ ગુરૂકુળ, સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) અને ગજેરા વિદ્યાભવન ખાતે યોજાઈ હતી. જેમાં સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) માંથી કુલ–૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગ્લોબલ વોર્મીંગ અંતર્ગત CLIMATE CHANGE ની અસરને પહોંચી વળવા માટે સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલું આયોજન






પૃથ્વી ઉપર ગ્લોબલ વોર્મીંગના કારણે વધતા જતા CLIMATE CHANGE ની અસરને પહોંચી વળવા માટે લેવાજોગ પગલા બાબતે તથા આવનાર પડકાર અન્વયે આગોતરૂ આયોજન દરેક શહેર પોત પોતાની રીતે તૈયારી કરતું હોય છે. જે શહેરમાં CLIMATE CHANGE ની વધારે પ્રમાણમાં અસર થવાની શકયતા છે તે શહેરોએ આવી અસરના પડકારને પ્રતિસાદ આપવા માટે કયા સાધનો ઉપયોગમાં લેવાયેલા છે અથવા કયા સાધનો ઉપયોગમાં લેવાનું આયોજન કરેલ છે તે અંગે પ્રથમ તબકકે એશિયા ખંડમાં કુલ ૧૦ શહેરો પસંદ કરવામાં આવેલ જે પૈકી ભારતમાં ઈન્દોર, ગોરખપુર અને સુરતની પસંદગી થયેલ. સુરત ખાતે CLIMATE CHANGE ના પડકારને યોગ્ય પ્રતિસાદ આપવા માટે સુરત મહાનગરપાલિકા, ઉદ્યોગ–જગત તથા વિવિધ સંસ્થાઓ વિગેરે ધ્વારા લેવામાં આવતાં પગલા અને ભવિષ્ય માટેનું સંયુકત આયોજન કરવા માટે એક સીટી એડવાઝરી કમિટીની રચના કરવામાં આવી અને સુરત શહેરમાં CLIMATE CHANGE ને લગતી હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિની નોંધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ લેવામાં આવેલ છે. આ સંજોગોમાં સુરત શહેરમાં પર્યાવરણને લગતી જનજાગૃતિ લાવવા માટે CLIMATE CHANGE ના અનુસંધાને કરવામાં આવેલ આયોજન બાબતે UNITED KINGDOM ENVIRONMENTAL FUND FOUNDATION (UKEFF) ધ્વારા સુરત શહેર ઉપર બનાવવામાં આવેલ ડોકયુમેન્ટરી ફિલ્મ સુરત ખાતે પ્રદર્શિત કરી, તે વિષયે ચર્ચા યોજવા માટે BRITISH COUNCIL ધ્વારા સુચન થયેલ હતું. જેના અનુસંધાને સુરત શહેરમાં પર્યાવરણને લગતી જનજાગૃતિ લાવવા માટે Climate Change અંગે કરવામાં આવેલ આયોજન બાબતે United Kingdom Environmental Fund Foundation (UKEFF) ધ્વારા સુરત શહેર ઉપર બનાવવામાં આવેલ ડોકયુમેન્ટરી ફિલ્મ " Notes from a Green City" - A Film by Madhyam Subhramanian તા.૧૮/૧૨/૨૦૧૦ના રોજ સાયન્સ સેન્ટર સ્થિત ઓડીટોરીયમ ખાતે મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ(રાજુ દેસાઈ) ના અધ્યક્ષ પદે સુરત ખાતે રીલીઝ કરવામાં આવેલ હતી. આ પ્રસંગે સુરત શહેર પશ્ચિમના ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા.ડે.મેયરશ્રી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસીંગ, મા.કમિશ્નરશ્રી, ફિલ્મ તૈયાર કરનાર શ્રી માધ્યમા સુબ્રમન્યન તેમજ આ કાર્યક્રમના વિષયના તજજ્ઞો આનંદ વશી, કમલેશ યાજ્ઞીક, ગીરીશ લુથરા, ડો. એન.સી.શાહ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના વિષયના અનુસંધાને ટુંકી રૂપરેખા સાથે મા.કમિશ્નરશ્રીએ તમામ આમંત્રિતો અને ઉપસ્થિતોને આવકાર્યા હતાં. મા.મેયરશ્રીએ પ્રસંગોચિત ઉદબોધનમાં ગ્લોબલ વોર્મીંગ અંગે ચિંતા વ્યકત કરી અને તેમના વકતવ્યમાં જણાવ્યું કે શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોને પાયાની સુવિધાઓ પૂરી પાડવા વચનબધ્ધ છે.

ફિલ્મ નિર્માણ કરનાર શ્રી માધ્યમા સુબ્રમન્યનને પોતાના વકતવ્યમાં એનર્જી કન્ઝર્વેશન પર વિસ્તૃત છણાવટ કરી હતી. અને ત્યારબાદ ઉપસ્થિતોને સુરત શહેર પર નિર્માણ કરવામાં આવેલ ફિલ્મનું નિદર્શન કરવામાં આવેલ. આ ફિલ્મના નિદર્શન બાદ આ વિષયના તજજ્ઞો આનંદ વશી, કમલેશ યાજ્ઞીક, ગીરીશ લુથરા, ડો. એન.સી.શાહ ધ્વારા પેનલ ડીસ્કશન અન્વયે પ્રદુષણ ઘટાડવા બાબતે અને કાર્બન ઉત્સર્જન ઓછું કરી વધુ કાર્બન ક્રેડીટ મેળવવાના ઉપાયો વિગેરે બાબતે વિસ્તૃત સમજ આપી હતી. તેમજ ઉપસ્થિતોના વિષય અનુસંધાને થયેલ ચર્ચાઓ અને સૂચનો અન્વયે તમામ પાસાઓને આવરી લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કામગીરીઓ અને નજીકના ભવિષ્યમાં કરવામાં આવનાર અન્ય પ્રોજેકટોની જાણકારી હતી.

અંતે મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા ધ્વારા આ કાર્યક્રમ અન્વયે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર તમામનો અને ઉપસ્થિતો આભાર માનવામાં આવ્યો હતો.

TOP

## "સ્વર્ણિમ નિર્મળ ગુજરાત" અંતર્ગત ડીસેમ્બર–૨૦૧૦ માં શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦માં ***"સ્વર્ણિમ નિર્મળ ગુજરાત"*** અંતર્ગત ડીસેમ્બર–૨૦૧૦ માં શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશ અને દેખી શકાય તેવુ પરિવર્તન આવે તે હેતુથી ***"સ્વર્ણિમ નિર્મળ ગુજરાત"*** ના થીમ આધારીત કાર્યક્રમના અનુસંધાને ડીસેમ્બર–૨૦૧૦નાં બીજા અઠવાડીયાનાં ***"સ્વચ્છ જળ અને પાણી બચત"*** ને લગતો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેના અનુસંધાને સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન તથા સંબંધિત ખાતાઓ ધ્વારા નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- ***૦૯/૧૨/૧૦ (ગુરુવાર) :– પીવાનાં પાણીનાં પ્રાપ્તિ સ્થાનોની આજુબાજુનાં વિસ્તારોની સઘન સફાઈ.***
    - કુલ ૬૪ પાણીના પ્રાપ્તિ સ્થાનોની સફાઈ – કુલ ૨૭,૬૨૧ ચો.મી.

- ***તા.૧૦/૧૨/૨૦૧૦ (શુક્રવાર) :–ખાડા ખાબોચીયાના પાણીનો નિકાલ – માખી, મચ્છરનો ઉપદ્રવ રોકવા ઓઈલ, જંતુનાશક દવાનો છંટકાવની કામગીરી:–***
    - કુલ ૧૨૦૨ સ્થળે – કુલ ૫૨૧.૮૭ લીટર જંતુનાશક દવા છંટકાવ કરેલ.
    - કુલ ૨૨૪૦ સ્થળોએ પાણીનાં કરકસરયુકત વપરાશની જાગૃતિ અંગે સમજ આપી.

- ***તા.૧૧/૧૨/૧૦ (શનિવાર):–પીવાનાં પાણીની ગુણવત્તા અંગે કરાવેલ ટેસ્ટીંગની વિગત***
    - કુલ ૧૯૧૪ પાણીનાં સેમ્પલ લઈ ટેસ્ટીંગ કરાવેલ

- ***તા.૧૨/૧૨/૧૦ (રવિવાર):– તળાવો/ નદીના ઓવારાની સાફ સફાઈની વિગત***
    - કુલ ૧૪ તળાવોનો ૧૯૦૯૦ ચો.મી. વિસ્તાર સફાઈ કરીને ૫.૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો.
    - કુલ ૧૯ ઓવારાનો ૨,૨૧,૪૦૦ ચો.મી. વિસ્તાર સફાઈ કરીને ૧૮૦.૦૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો.

- ***તા.૧૩/૧૨/૧૦ (સોમવાર):–પાણીની વિતરણ વ્યવસ્થા (વોટર વર્કસ/જ.વિ.મથકની ટાંકીઓ)ની સાફ સફાઈની વિગત***
    - સુરત મહાનગરપાલિકાનાં જુદા–જુદા સ્થળોએ પીવાના પાણીની કુલ ૧૧૧ ભુગર્ભટાંકીઓની સફાઈ.

- ***તા.૧૪/૧૨/૧૦ (મંગળવાર) :– પાણીના લીકેજ શોધવા અને રીપેર કરવાની સઘન ઝુંબેશ***
    - કુલ ૭૪ લીકેજ શોધી, ૬૬ લીકેજ રીપેર કર્યા.

- ***તા.૧૫/૧૨/૧૦ (બુધવાર):–બિનવપરાશી અસ્કયામતોનો યોગ્ય નિકાલ.***
    - કુલ ૧૦૨ બિનવપરાશી અસ્કયામતોનો નિકાલ કરવામાં આવ્યો.

**Continue …**

***<u>તા.૦૯/૧૨/૧૦ થી તા.૧૫/૧૨/૧૦:– જનભાગીદારી હેઠળ કરવામાં આવેલ કામગીરીની વિગત</u>***

- વરસાદી પાણીના સંચય માટે જરૂરી વ્યવસ્થાના ભાગરૂપે ભુર્ગભ જળસંચય (વોટર રીચાર્જીગ)
  - વિવિધ સોસાયટીના પ્રમુખશ્રીઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ. જે અન્વયે વિવિધ ૧૦(દસ) સંસ્થાઓ સાથે કુલ રૂા.૧૩,૬૦,૦૦૦/– ના M.O.U. કરવામાં આવેલ.
- ફલશ ટેંકમાં ઈંટો મુકી પાણી બચત
  - "ફલશ ટેંકમાં ઈંટો મુકી પાણી બચત" નાં કાર્યક્રમ હેઠળ વિવિધ ઝોનમાં ૧૩૭ સ્થળોએ ફલશ ટેંકોમાં ઈંટો મૂકવામાં આવેલ તથા પાણીની ટાંકીઓનાં બોલ કોક મૂકવાની સમજ ૨૧૦૩ વ્યકિતઓને આપવામાં આવેલ.
- ખાનગી મિલ્કતોની પાણીની ટાંકી સફાઈની વિગત
  - શહેરમાં ટાંકી સફાઈ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુસર ૧૨૫૫ ખાનગી મિલકતોની પાણીની ટાંકી સફાઈ કરવામાં આવેલ.
- પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓને આપવામાં આવેલ તાલીમની વિગત.
  - કુલ–૩૫ પ્રાથમિક શાળાના કુલ ૭૩૫૬ વિદ્યાર્થીઓને પાણીનાં કરકસરયુકત વપરાશની સમજ આપવામાં આવી.
- ***<u>જનજાગૃતિ અભિયાન હેઠળ કરવામાં આવેલ કામગીરીની વિગત.</u>***

  - વિવિધ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન શાળાઓ ધ્વારા હાથ ધરાય તે માટે તાકીદ કરવામાં આવેલ. સદર કામગીરી માટે ૩૮૯ શાળાઓમાં આશરે ૯૭૨૫ વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા, સુત્રલેખન અને નિબંધ સ્પર્ધા માં ભાગ લીધેલ. તા.૨૫/૧૨/૧૦ સુધીમાં મળનાર તમામ એન્ટ્રીઓ પૈકી બેસ્ટ ૩(ત્રણ) એન્ટ્રીઓને (કેટેગરી વાઈસ) સુરત મહાનગરપાલિકા ધ્વારા નિમાયેલ નિર્ણાયક સમિતિ ધ્વારા પસંદ કરવામાં આવશે. જેઓને તા.૨૬/૦૧/૨૦૧૧ અથવા અન્ય કાર્યક્રમ દરમ્યાન સર્ટીફીકેટ અને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવશે.

  - શહેરમાં આવેલ વિવિધ સ્થળો પર 'પાણી બચાવો – જનજાગૃતિ અભિયાન' થી આધારિત કુલ ૩૪ સ્થળો પર હોર્ડીંગ્સ લગાડવામાં આવેલ જેમાં શહેરીજનો પોતાની રોજીંદી કામગીરી દરમ્યાન પાણી બચાવવાની કામગીરીમાં ઉપયોગમાં લઈ શકે તે બાબતો ઉપર સંદેશાઓ જાહેર કરવામાં આવેલ. સાથે સાથે વરસાદી પાણીનો બોરવેલને રીર્ચાજ કરવા માટે પણ સંદેશ જાહેર કરવામાં આવેલ.

  - પાણી બચાવો – જનજાગૃતિ અભિયાન માટે શહેરીજનોમાં પાણી બચાવોને લઈને આગવી ઓળખ ઉભી થાય તે હેતુસર સુરત મહાનગરપાલિકા ધ્વારા લોગો નકકી કરવામાં આવેલ અને તમામ ઝોનમાં આવેલ તમામ મ્યુનિસીપલ કચેરીઓમાં વિવિધ સ્થળો જેવા કે, પાણીની ટાંકીઓ, પાણીની પરબો, વોશ બેસીંન, ટોયલેટ, વાહનો, વિગેરે ઉપર લોગોના સ્ટીકર લગાડવામાં આવેલ. ઉપરોકત સમય દરમ્યાન કુલ ૧૮,૭૫૦ જેટલા સ્ટીકર્સનો ઉપયોગ કરવામાં આવેલ.

**TOP**

## સ્વર્ણિમ નિર્મળ ગુજરાત–૨૦૧૦ અંતર્ગત તા. ૧૫/૧૨/૨૦૧૦ થી ૧૭/૧૨/૨૦૧૦ સુધીનાં ઝોન વાઈઝ પ્લાસ્ટીક ઝુંબેશની માહિતી

| અ.નં. | ઝોનનું નામ | જપ્ત કરેલ પ્લાસ્ટિક જથ્થો(કિ.ગ્રા.) | | | કુલ ઝોન વાઈઝ | વસુલ કરેલ વહીવટી ખર્ચ(રૂા.) | | | કુલ ઝોન વાઈઝ | વિસ્તારનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૫/૧૨ | ૧૬/૧૨ | ૧૭/૧૨ | | ૧૫/૧૨ | ૧૬/૧૨ | ૧૭/૧૨ | | |
| ૧ | સેન્ટ્રલ | ૧૨.૦૦ | ૮.૦૦ | ૬.૦૦ | ૨૬.૦૦ | ૬૦૦ | ૩૫૦ | ૧૦૦ | ૧૦૫૦ | સમગ્ર ઝોન વિસ્તાર |
| ૨ | રાંદેર | ૧૪.૬૦ | ૫૫.૧૦ | ૩૯.૬૦ | ૧૦૯.૩૦ | ૨૪૦૦ | ૧૪૯૦૦ | ૮૨૫૦ | ૨૫૫૫૦ | સમગ્ર ઝોન વિસ્તાર |
| ૩ | ઉધના | ૧૫.૦૦ | ૨૨.૦૦ | ૨૧.૦૦ | ૫૮.૦૦ | ૧૨૦૦ | ૪૦૦૦ | ૫૦૦૦ | ૧૦૨૦૦ | સમગ્ર ઝોન વિસ્તાર |
| ૪ | લીંબાયત | ૩૨.૦૦ | ૧૪.૦૦ | ૨૧.૦૦ | ૬૭.૦૦ | ૩૪૦૦ | ૩૧૦૦ | ૩૧૫૦ | ૯૬૫૦ | સમગ્ર ઝોન વિસ્તાર |
| ૫ | અઠવા | ૪૭.૦૦ | ૩૫.૦૦ | ૧૮.૦૦ | ૧૦૦.૦૦ | ૧૮૨૫૦ | ૭૭૦૦ | ૧૧૧૦૦ | ૩૭૦૫૦ | સમગ્ર ઝોન વિસ્તાર |
| ૬ | કતારગામ | ૪૯.૫૦ | ૨૩.૦૦ | ૨૧.૦૦ | ૯૩.૫૦ | ૧૨૫૫૦ | ૯૨૫૦ | ૯૭૦૦ | ૩૧૫૦૦ | સમગ્ર ઝોન વિસ્તાર |
| ૭ | વરાછા | ૧૬.૦૦ | ૬૩.૦૫ | ૨૦.૪૦ | ૯૯.૪૫ | ૩૩૦૦ | ૫૩૦૦ | ૫૩૦૦ | ૧૩૯૦૦ | સમગ્ર ઝોન વિસ્તાર |
| કુલ | | ૧૮૬.૧૦ | ૨૨૦.૧૫ | ૧૪૭.૦૦ | ૫૫૩.૨૫ | ૪૧૭૦૦ | ૪૪૬૦૦ | ૪૨૬૦૦ | ૧૨૮૯૦૦ | |

TOP

## સુરત મહાનગરપાલિકા, ઈન્ડીયન પ્લેનેટરી સોસાયટી, મુંબઈ અને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટીના સંયુકત ઉપક્રમે એડવાન્સીસ ઈન એસ્ટ્રોફીઝીકસ અને સ્પેસ સાયન્સ વિષયક ત્રિ દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન



સુરત મહાનગરપાલિકા, ઈન્ડીયન પ્લેનેટરી સોસાયટી, મુંબઈ અને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટીના સંયુકત ઉપક્રમે એડવાન્સીસ ઈન એસ્ટ્રોફીઝીકસ અને સ્પેસ સાયન્સ વિષયક ત્રિ દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ ખાતે તા. ૨૦/૧૨/૨૦૧૦ થી તા. ૨૨/૧૨/૨૦૧૦ સુધી કરવામાં આવેલ છે. આ કોન્ફરન્સનું ઉદઘાટન મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ(રાજુ દેસાઈ)ના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સીંગ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી ગોવીંદભાઈ ધોળકીયા ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે મા.કમિશનરશ્રી ધ્વારા પ્રસંગોચિત આવકાર પ્રવચન કરવામાં આવ્યું. ત્યારબાદ ઈન્ડીયન પ્લેનેટરી સોસાયટીના પ્રમુખ ડો. જે.જે.રાવલ ધ્વારા સદર કોન્ફરન્સ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. કોન્ફરન્સમાં ડો.મોહનભાઈ પટેલ ધ્વારા પ્રાચીન ભારતમાં વિજ્ઞાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ડો.પટેલે જણાવ્યું હતું કે ભૂતકાળમાં ભારતની સંસ્કૃતિ અતિ સમૃધ્ધ હતી. પરંતુ અન્ય લોકો ધ્વારા પોતાની ભાષા ધ્વારા આ સંસ્કૃતિને દાબી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો આ સંસ્કૃતિની કળા ખીલશે તો દેશ જરૂર આગળ વધશે. આજનાં સમયમાં લોકોએ અંધશ્રધ્ધાથી બહાર નીકળી વિજ્ઞાન સાથે પોતાની જાતને જોડવાની જરૂરિયાત છે. જયારે પ્રો.એસ.જી.દાણીએ આધુનિક ગાણિતિક પરિસ્થિતિમાં ભારતનું આગમન વિષય પર પ્રવચન આપવામાં આવ્યું હતું. કોન્ફરન્સમાં પ્રતિ વર્ષની જેમ ખગોળશાસ્ત્ર પર સંશોધન તેમજ કાર્ય કરતાં ડો. એ.એમ. પ્રભાકરને ગોલ્ડ તેમજ શ્રી વી.પી. મહેતાને સીલ્વર મેડલ આપવામાં આવ્યા હતાં. દરવર્ષની જેમ ચાલુ વર્ષે પણ વિરાટ સુર્ય નામનું મેગેઝીન કે જેમાં IPS ની પ્રવૃત્તિઓ વિગેરે પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમજ ખગોળશાસ્ત્ર સંકલિત કેલેન્ડર પણ રીલીઝ કરવામાં આવેલ તેમજ ડોકયુમેન્ટરી ફિલ્મ ''ભારતીય ખગોળઃ પ્રાચિન થી આધુનિક'' ને પ્રદર્શિત કરવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં દેશમાંથી જાણીતા ખગોળશાસ્ત્રીઓ પોતાના સંશોધનો તેમજ વિચારો રજુ કરશે. તા.૨૧ અને ૨૨ મી ડીસેમ્બરના રોજ નીચે મુજબના સંશોધનો અને વિચારો રજુ કરવામાં આવેલ.

તા.૨૧/૧૨/૨૦૧૦ના રોજ પ્રો.એસ.કે.અરોરાની અધ્યક્ષતામાં શરૂ થયેલ પ્રથમ સેશનમાં પ્રો. રામાસુબ્રમનયમ શર્મા ધ્વારા ભારતીય ખગોળશાસ્ત્રીઓ ધ્વારા અવકાશી વસ્તુઓ અંગે ચોકકસ ધારણાઓ કેવી રીતે કરવામાં આવે છે તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી, ત્યારબાદ પ્રો. એસ.રામાદુરાઈ ધ્વારા ખગોળશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં જીવસૃષ્ટિ વિષયે વકતવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ડો.અંકિત શુલે ધ્વારા ભવિષ્યયના ટેલીસ્કોપ વિષયક સમજ આપવામાં આવી હતી. બીજું સેશન પ્રો. કે. સીવાપ્રસાદની અધ્યક્ષતામાં શરૂ થયેલ અને આ સેશનમાં શ્રી દિપક ભીમાણી ધ્વારા ખગોળનાં ક્ષેત્રમાં ખ્યાતનામ ખગોળશાસ્ત્રીઓનું યોગદાન વિષયે સમજ આપવામાં આવી હતી, જયારે પ્રો. કે.સીવાપ્રસાદ ધ્વારા વિજ્ઞાન એક પરિપ્રેક્ષ્ય વિષયે વકત્વય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રો.રમેશ ટીકેકર ધ્વારા પ્રો.પી.સી. વૈદ્યના જીવન અને કાર્ય વિષયક જાણકારી આપવામાં આવી હતી.

કોન્ફરન્સના અંતિમ દિવસ તા.૨૨/૧૨/૨૦૧૦ના રોજ પ્રો. એસ.રામાદુરાઈની અધ્યક્ષતામાં પ્રથમ સેશનની શરૂઆત થયેલ અને આ સેશનમાં પ્રો.એસ.કે.અરોરા ધ્વારા ભૂકંપનની સમજ અને તેના અવલોકન વિષયક સમજ આપવામાં આવી હતી, જયારે પ્રો. અજય પટવર્ધન ધ્વારા જાણીતા અને અજાણ્યા દાખલાઓ વિષયક અવલોકનો રજુ કરવામાં આવ્યા હતા. તા.૨૨/૧૨/૨૦૧૦ના રોજ બીજું સેશન પ્રો.અજય પટવર્ધનની અધ્યક્ષતામાં શરૂ થયેલ અને આ સેશનમાં પ્રો.ડી.એમ.શીગ્નાપુરે ધ્વારા અવકાશી કચરો પૃથ્વી માટે ઉદભવતી ચિંતા વિષયક વકતવ્ય આપવામાં આવ્યું હતું, જયારે પ્રો.એસ.એમ.ચીત્રે ધ્વારા ગેલીલીયોના સુર્ય વિષયક સમજ આપવામાં આવી હતી, ત્યારબાદ દેશમાં હાયર એજયુકેશન અને સેકન્ડરી એજયુકેશનની પધ્ધતિ વિષયક પેનલ ડીસ્કશન કરવામાં આવ્યું હતું. સેશનના અંતમાં પ્રો.પી.સી.અગ્રવાલ ધ્વારા અવકાશી ખગોળમાં ભારતનું યોગદાન વિષયક વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં સુરત શહેર, જીલ્લાના બાળકો, શિક્ષકો, કોલેજના વિદ્યાર્થીઓ તેમજ ભારતમાંથી વિજ્ઞાનિકોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

TOP

# સ્વર્ણિમ ખેલ મહાકુંભ–૨૦૧૦ એથ્લેટીકસ સ્પર્ધાઓની ફાઈનલમાં સુમન હાઈસ્કુલોના વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધિ

સ્વર્ણિમ ખેલ મહાકુંભ અંતર્ગત સામુહિક રમતો પૈકી ખો–ખો, કબડ્ડી, વોલીબોલ અને એથ્લેટીકસની તમામ ઈવેન્ટોની સ્પર્ધાઓ ઝોનલ કક્ષાએ સ્વામીનારાયણ ગુરૂકુળ, સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) અને ગજેરા વિદ્યાભવન ખાતે યોજાઈ હતી. જેમાં સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) માંથી કુલ–૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધલ. જે પૈકી નીચે જણાવેલ વિદ્યાર્થીઓએ એથ્લેટીકસ તથા જુદી જુદી સામુહિક સ્પર્ધામાં પસંદગી પામી ૧ થી ૩ ક્રમાંક તથા રોકડ પુરસ્કાર મેળવી સુમન હાઈસ્કુલો તથા સુરત મહાનગરપાલિકાનું નામ રોશન કરેલ.

| અ.નં. | સ્પર્ધાનું નામ | ક્રમાંક | ખેલાડીનું નામ | પુરસ્કાર |
|---|---|---|---|---|
| (૧) | ઉંચી કૂદ | પ્રથમ | કાકલોતર પ્રતિક્ષા સુખાભાઈ | રૂા.૫૦૦૦/– |
| (૨) | ખો–ખો | પ્રથમ | વસાવા સુમિત્રા ગુરૂજીભાઈ | રૂા.૩૦૦૦/– |
| (૩) | કબડ્ડી | દ્વિતીય | કચ્છવા કુશ ભરતભાઈ | રૂા.૨૦૦૦/– |
| (૪) | કબડ્ડી | દ્વિતીય | કળસરિયા મયુર દિનેશભાઈ | રૂા.૨૦૦૦/– |
| (૫) | ૨૦૦ મીટર દોડ | તૃતીય | તારપરા જીગ્નીસા રમેશભાઈ | રૂા.૨૦૦૦/– |

ઉકત સ્વર્ણિમ ખેલ મહાકુંભ–૨૦૧૦ એથ્લેટીકસ સ્પર્ધાઓની ફાઈનલ તા.૧૩,૧૪ મી ડીસેમ્બર–૨૦૧૦ ના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલ, જેમાં સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ)ની વિદ્યાર્થીની કાકલોતર પ્રતિક્ષા સુખાભાઈએ ઉંચીકૂદમાં ભાગ લઈ રાજયકક્ષાએ દ્વિતીય સ્થાન મેળવી રૂા.૬,૩૦૦/– તથા પુસ્તકો ખરીદવા રૂા.૭૦૦/– નો રોકડ પુરસ્કાર મેળવી સુમન હાઈસ્કુલો તથા સુરત મહાનગરપાલિકાનું નામ રોશન કરેલ છે.

TOP